ધંધુકા તાલુકાની

ભૂગોળ

તૈયાર કરી પ્રકટ કરનાર,

ધીરજલાલ અમૃતલાલ ભટ્ટ.

આ પુસ્તક રાણપુર—સૌરાષ્ટ્ર મુદ્રણાલયમાં
અમૃતલાલ દલપતભાઇ શેઠે છાપ્યું.

સને ૧૯૨૨.

કિમ્મત ૦-૩-૦.

પ્રસ્તાવના.

દૂર દૂરના દેશોની પુષ્કળ માહિતી ધરાવનારા કેટલાક મોટા માણસોને પણ પોતાના ગામની કે તાલુકાની ભૂગોળનું જોઇએ તેવું જ્ઞાન હોતું નથી. આ ખામી દૂર કરવા સરકારે પ્રાથમિક નિશાળોના બીજા ધોરણમાં ગામની અને તાલુકાની ભૂગોળ શિખવવાનો ક્રમ યોજેલો છે. આ ક્રમને અનુસરીને ધંધુકા તાલુકાની સરકારી લો. બો. નિશાળોમાં તથા મ્યુનિ. સ્કૂલોમાં બીજા ધોરણમાં તાલુકાની ભૂગોળ શીખવાય છે, પણ તેને માટે કોઇ પુસ્તક નહીં હોવાથી ઘણી વખત શિક્ષકોને વિષય સારો કરી વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં મુસીબત પડે છે. બીજા તાલુકાના શિક્ષકો આ તાલુકામાં નીમાઇ આવે છે, ત્યારે તો તેમને પોતાને ધંધુકા તાલુકાની માહિતી મેળવવામાં ઘણો વખત વીતે છે, અને તેમ છતાં વર્ગને ન્યાય આપી શકાય તેવી રીતે તેઓ તૈયાર થઇ શકતા નથી. આ મારા અનુભવની વાત હોવાથી તાલુકાની સામાન્ય માહિતી આપનારૂં એક નાનકડું પુસ્તક તૈયાર કરવાની જરૂર જણાઇ અને તે મુજબ આ પુસ્તક તૈયાર કરી શિક્ષકો આગળ રજુ કર્યું છે.

પ્રથમ નિશાળના મકાનની ભૂગોળ અને પછી ગામ કે કસ્બાની માહિતી આપ્યા કેડે આ પુસ્તક શરૂ કરવાનું છે. શિક્ષકે તાલુકાનો નકશો પાસે રાખી મુખ્ય ગામો, નદીઓ, વહેળાઓ, રસ્તાનો વિચાર કરાવી તે પછી સામાન્ય માહિતીનું જ્ઞાન આપવું.

તાલુકાની નિશાળોમાં રહેતી આ વિષયની કાચી નોટ મને માર્ગદર્શક થઈ છે, એ હકીકત મારે અહીં નોંધવી જોઈએ. આ પુસ્તક વિદ્યાર્થીઓને અને શિક્ષકોને ઉપયોગી છે, તેટલુંજ ધંધુકા તાલુકાનાં તમામ સ્ત્રીપુરુષોને, અને તાલુકાનો વહીવટ કરનારા તમામ અધિકારીવર્ગને એકસરખું ઉપયોગી છે. જરૂરની સઘળી માહિતી આમાં આપવામાં આવી છે; છતાં કોઈ બાબત ખાસ રહી ગઈ હોય, અથવા સમજફેરથી દાખલ થઈ હોય તે માટે મને સૂચના કરવામાં આવશે તો બીજી આવૃત્તિ વખતે ઉપકાર સાથે પૂરતું ધ્યાન આપીશ.

આ પ્રયાસમાં સલાહ અને ઉત્સાહ આપનારા શિક્ષકબન્ધુઓનો હું ઋણી છું.

ધીરજ.

ધંધુકા તાલુકાની

ભૂગોળ.

દિશાઓ.

એક જગા બીજી જગાની કઇ બાજુએ આવેલી છે, તે જાણવાને માટે દિશાઓ ઠરાવેલી છે. દિશાઓ ચાર છે.—૧ ઉત્તર, ૨ દક્ષિણ, ૩ પૂર્વ, ૪ પશ્ચિમ.

જે બાજુએ સૂર્ય ઉગે છે તે બાજુને પૂર્વદિશા કહે છે. જે બાજુએ સૂર્ય આથમે છે, તે બાજુને પશ્ચિમદિશા કહે છે. પૂર્વ દિશા તરફ મોઢું કરીને ઉભા રહીએ તો જમણા હાથપરની દક્ષિણ દિશા અને ડાબા હાથ તરફની ઉત્તર દિશા.

નકશામાં

નકશાને મથાળે ઉત્તર દિશા, નકશાના નીચલા ભાગમાં દક્ષિણ દિશા, જમણા હાથ તરફ પૂર્વ દિશા, અને ડાબા હાથ તરફ પશ્ચિમ દિશા.

ખૂણાઓ.

ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો ઇશાનખૂણો કહેવાય છે.
ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો વાયવ્યખૂણો કહેવાય છે.
દક્ષિણ અને પૂર્વ દિશા વચ્ચેનો ખૂણો અગ્નિખૂણો કહેવાય છે.
અને દક્ષિણ તથા પશ્ચિમ દિશા વચ્ચેનો ખૂણો નૈઋત્યખૂણો કહેવાય છે.

વ્યાખ્યાઓ.

થોડાં ઘણાં ઘરો અને માણસોની વસ્તીવાળા સ્થાનને ગામ કહે છે.

જે ઠેકાણે વધારે ઘરો અને વધારે માણસો રહેતાં હોય તેને શહેર કહે છે.

કેટલાંક ગામોના જથ્થાને તાલુકો કહે છે. થોડાં ગામોનો જથો હોય તે મહાલ કહેવાય. તાલુકો અને મહાલ સરકારી વસુલાતની સગવડ માટે ઠરાવેલા છે.

કેટલાક તેવા તાલુકાઓ એકઠા મળવાથી જીલ્લો થાય છે.

જે ગામ કે શહેર, સમુદ્ર અથવા મોટી નદીને કિનારે હોય, અને જ્યાંથી વહાણોમાં માલ ચડતો ઉતરતો હોય તેને બંદર કહે છે.

ચારે બાજુએ જમીનથી ઘેરાએલા પાણીના નાના ભાગને તળાવ કહે છે; અને મોટા ભાગને સરોવર કહે છે.

પૃથ્વી ઉપરના ખારા પાણીના જથાનું નામ સમુદ્ર.

પર્વત અથવા સરોવરમાંથી જે મીઠા પાણીનો પ્રવાહ નીકળી જમીન ઉપર વહેતો વહેતો દરિયાને કે બીજી નદીને મળે, તેનું નામ નદી, પ્રવાહ નાનો હોય તો વહેળો.

જ્યાંથી નદી નીકળે તે મૂળ અને જ્યાં નદી મળે તે મુખ.

સમુદ્રના નાના મોટા ફાંટા જમીનની અંદર ગએલા હોય તેને અખાત કહે છે.

અખાતમાંથી નાના કે મોટા જે ફાંટાઓ જમીનમાં ગયા હોય તેને ખાડી કહે છે.

જમીનના ઉપસી આવેલા ભાગને ધાર કહે છે. ધારનો જે ભાગ વધારે ઉંચો હોય તેને ટેકરી કહે છે. ટેકરીથી ઉંચા ભાગનું નામ ડુંગર.

વિભાગ.

આ તાલુકાના કુદરતી ત્રણ વિભાગ થઇ શકે છે. (૧) પૂર્વ ભાગ કે ભાલ—ઉત્તર દક્ષિણ વધારે ફેલાએલો છે. તેની જમીન કાળી, પોચી અને ખારવાળી છે. (૨) પશ્ચિમ ભાગ કે કાઠીઆવાડ—પૂર્વ પશ્ચિમ લંબાએલો છે. તેમાં ડુંગરોની ધારો હોવાથી જમીન કઠણ, રેતાળ અને કાંકરાવાળી છે. (૩) કનેર કે મધ્ય ભાગ—ભાલની પશ્ચિમે સાંકડી પટી જેવો ભાગ છે, તેની જમીન પૂર્વ અને પશ્ચિમ ભાગને મળતી આવે છે.

દિશાઓ.

ઉત્તરે—ધોળકા તાલુકો તથા કાઠીઆવાડના લીંબડી, ચુડા અને ચોટીલાનાં રાજ્યો છે. પશ્ચિમે ચોટીલાનો મુલક. દક્ષિણે—જસદણ અને ભાવનગરનાં રાજ્યો; અને પૂર્વે—ખંભાતનો અખાત. આ તાલુકો અમદાવાદ જીલ્લાના બધા તાલુકાઓમાં ઘણો મોટો છે.

તેની પૂર્વપશ્ચિમ લંબાઇ લગભગ ૭૦ માઇલ, અને ઉત્તરદક્ષિણ પહોળાઇ આશરે ૪૦ માઇલ છે આખો તાલુકો એક જથે છે. માત્ર ચાર ગામો જુદાં પડેલાં છે. ઉત્તરમાં બોડાણા ગામ ચુડા રાજ્યવડે, દક્ષિણમાં પાણવી અને મુગધરાઇ ગામો ભાવનગરના રાજ્યવડે, અને પશ્ચિમે ઓરી ગામ જસદણના રાજ્યવડે જુદાં પડેલાં છે. આ તાલુકાની હદમાં બીજાં રાજ્યોનાં ગામો પણ આવી ગયાં છે. પચ્છમ, હરિપરા, ફતેપરા અને ગુંજાર લીંબડી રાજ્યનાં છે, અને ઓતારીઆ તથા સાંઢીડા ભાવનગર રાજ્યનાં છે.

કુદરતી આકાર અને દેખાવ.

આ તાલુકો ત્રિકોણ આકારનો છે. પશ્ચિમ ભાગની જમીન ડુંગરાઓની હારોને લીધે ઉંચી નીચી અને કઠણ છે; પણ તેમાં ઠેકાણે ઠેકાણે મીઠા પાણીના કુવાઓ હોવાથી ખેડુતો જમીનને પાણી પાઇ વાડીઓ વગેરે બનાવે છે, તેથી તે ભાગ રળીઆમણો લાગે છે. પૂર્વભાગ ખારવાળો હોવાથી મીઠાપાણીની તંગીવાળો છે. તેમ સારાં ઝાડો બહુ થતાં નથી; તેથી તે ભાગ સપાટ મેદાન જેવો દેખાય છે. આ ભાગને ભાલ કહે છે. એની જમીન કાળી તથા ચીકણી છે. અસલના વખતમાં એ ઠેકાણે દરિયો હોવો જોઇએ. સમુદ્ર જેમ જેમ દૂર જતો ગયો હશે, તેમ તેમ એ ઠેકાણે નદીઓનો, વહેળાઓનો અને ચોમાસાના પાણીની રેલનો કાંપ જામતો ગયો હશે. અત્યારે પણ એ કાંપ અથવા કાળી જમીનની નીચે ખાર નીકળી આવે છે. આ પ્રદેશ ઉનાળામાં વેરાન જેવો લાગે છે. લોકોને અને ઢોરોને પીવા માટે કેટલાક ગામોમાં મીઠું પાણી પણ મુદલ મળતું નથી. દુકાળના વરસમાં તો જનાવરોના અને માણ-

સૌના ભોગજ મળે છે. પાણીના દુઃખથી કેટલાક લોકો ગામ છોડીને ચાલ્યા જાય છે અને દુકાળનું વરસ પુરૂં થયે પાછા આવીને રહે છે આ પૂર્વભાગ સમુદ્રકાંઠે છે, તેની લંબાઇ લગભગ ૩૦ માઇલ છે; પણ દરિયો પુરાઇ જતો હોવાથી કોઇ સારૂં બંદર થઇ શકતું નથી.

નદીઓ.

આ તાલુકાની સઘળી નદીઓ પશ્ચિમમાંથી પૂર્વમાં વહે છે; કારણ કે પશ્ચિમ તરફનો ભાગ પહાડી અને ઉંચો છે, અને પૂર્વનો ભાગ નીચાણવાળો છે. આ તાલુકાની કોઈ પણ નદીમાં બારે માસ પાણી ટકતું નથી.

ભાદર—આ તાલુકામાં સૌથી મોટી નદી છે. કાઠીઆવાડમાં ચોટીલાના પહાડની દક્ષિણે આવેલી ડુંગરાની હારમાંથી નીકળી ૧૨ માઇલનો માર્ગ કાપી આ તાલુકાના શેખરોદ ગામ આગળ આવે છે. આગળ જતાં રાણપુર આગળ તેને ગોમા નદી મળે છે. તેનો પ્રવાહ વહેતો વહેતો ધંધુકા આગળ આવી, ત્યાંથી ઠેઠ ધોલેરા સુધી વહી ઉંડા અને પહોળા મુખવડે ખંભાતના અખાતને મળે છે.

ગોમા—પાળીઆદના ડુંગરામાંથી નીકળી આ તાલુકાના બોળપુરા અને ઉમરાળા એ બે ગામ વચ્ચે થઇને રાણપુર આગળ ભાદરને મળે છે.

ઉતાવળી—પાળીઆદ કસ્બાની પૂર્વમાંથી નીકળી, બોટાદ આગળ થઇ બરવાળા નજીક વહીને નાવડા ગામ આગળની ખુલ્લી જગ્યામાં ફેલાઇ જાય છે. આ નદીમાં ચોમાસામાં બહુ વેગથી પૂર આવે છે, તેથી તેને ઉતાવળી કહે છે.

નીલકા—આ તાલુકાના દેવગાણા ગામ આગળથી નીકળી, ચંદરવા પાસે એક નાના વહેળાને મળી, ભીમનાથથી થોડે આગળ વધી ચોકડી ગામની પૂર્વમાં ફેલાઇ જાય છે.

ઓંકાર—આ તાલુકાની ઉત્તરે લીંબડીના રાજ્યમાંથી નીકળી ફેદરા, ધનાળા પાસે ચારેક માઇલ વહી ભોગાવાને મળે છે. છશીઆણા અને છારોડીઆ ગામ આગળ થઇને વહેતો ભાદરનો એક ફાંટો આ ઓંકારમાં વાળવામાં આવ્યો છે.

ભોગાવો—ધોળકા તાલુકાના ધીંગડા ગામ આગળથી નીકળી, લોલીઆ પાસે ઓંકારને મળે છે; ત્યાંથી બન્નેનો પ્રવાહ ધંધુકા તથા ધોળકા તાલુકાની હદ જુદી દેખાડતો સાબરમતીના મુખને મળે છે. આ ભોગાવાનું પાણી ખારૂં છે. તેમાં દરિયાની ભરતીનું પાણી આવે છે. એનું તળીઉં ઘણું ઊંચું છે, એની પહોળાઇ મોટી નદીઓ જેવી હોવાથી ચોમાસામાં તે ઉતરી શકાતી નથી. એની માટી ઘણી ચીકણી છે. એમાં માણસો અને ગાડાંઓ ચોંટી રહ્યાના તથા પાણીમાં તણાઇ ગયાના બનાવો બનેલા છે.

વહેળાઓ.

દાહ—પચ્છમની પશ્ચિમે ત્રણેક માઇલપરથી નીકળી દક્ષિણમાં કાસંદા પાસે ભાદરને મળે છે.

આખીઓ—ગોરાસુ અને ખરડ ગામોની વચ્ચે આવેલી ભાઠાની જમીનમાંથી પાણીનો પ્રવાહ ચાલી, ભંડીઆદ અને ધોલેરા વચ્ચે વહી ખૂણ બંદર આગળ ભાદરને મળે છે.

લીંડીઓ—ગઢીઆ ગામ આગળથી શરૂ થઇ રાણપુર પાસે ભાદર તથા ગોમાના સંગમને મળે છે.

પીંજારીઓ—બરાનીઆ, ધંધુકા, પડાણા વિગેરેની સીમમાંના નાના વહેળાઓને મેળવી ખરડ આગળ આધીઆના વહેળાને મળી જાય છે.

મોટાં તળાવો.

આ તાલુકાના પૂર્વ ભાગમાં લગભગ ખારા પાણીના કુવાઓ નીકળતા હોવાથી ગામેગામ નાનાં મોટાં તળાવો નજરે પડે છે. સૌથી મોટું તળાવ (૧) સાલાસરનું છે; એનો વિસ્તાર ૯૫ એકર લગભગ છે. (૨) ધર્મકુંડ–ધોલેરામાં આ તળાવ છે. તે ૬૦ એકરના વિસ્તારમાં છે. એની ત્રણ બાજુઓ પથ્થરથી બાંધેલી છે, વચ્ચે પથ્થરથી ચણેલા કૂવાઓ છે. તળાવને કાંઠેથી એ કુવાઓ ઉપર જવા માટે પૂલ બાંધેલા છે. (૩) અલીઆસર–રોજકા તથા ભડીઆદની વચ્ચે આવેલું છે. એનો વિસ્તાર ૪૦ એકર છે. એનો એક કાંઠો પત્થરથી બાંધેલો છે. રાયસંગગઢ, ગોરાસુ, ભડીઆદ વગેરે ગામોનાં ઢોર ત્યાં પાણી પીવા આવે છે. ઉનાળામાં પણ એ તળાવમાંથી પાણી ખુટતું નથી. તળાવને કાંઠે એક ધર્મશાળા તથા મહાદેવનું મંદિર છે. (૪) તગડીનું તળાવ–આ તળાવ તગડી ગામ પાસે છે. એનો વિસ્તાર ૨૫ એકર છે. તે તળાવ ઉંડું છે. તેના કાંઠા ઉપર વૈષ્ણવધર્મનું મંદિર તથા ધર્મશાળા છે. પાળ ઉપર ઝાડોની ઘટા હોવાથી દેખાવ ઘણો મજાનો લાગે છે.

આ સિવાય ધંધુકાનું મુલતાન તળાવ, ઝીંઝરનું તળાવ, જસકાનું તળાવ, ભડીઆદનું તળાવ, રોજકાનું તળાવ,

ગાંફનું તળાવ, ફેદરાનું તળાવ, વિગેરે તળાવો પણ ગણના કરવા લાયક છે.

મુખ્ય ગામો.

ધંધુકા—આ શહેર તાલુકાનું મુખ્ય મથક છે અને રેલ્વે સ્ટેશન પણ છે. તેમાં વીસામોઢવાણીઆ, વાલમ બ્રાહ્મણ અને વહોરાઓની વસ્તી વિશેષ છે. એમાં મ્યુનિસિપાલિટી, સરકારી કચેરીઓ, અંગ્રેજી-ગુજરાતી નિશાળો, દવાખાનું તથા લાયબ્રેરીઓ, છે. ભાદરના જમણા કાંઠા ઉપર આ શહેર આવેલું છે. અહીં કપાસ લોઢવાના કારખાના છે. સિંધ દેશમાંથી આવેલા કાળી સોનગમેહના પુત્ર ધનમેઢે આ ગામ વસાવેલું, તેથી તેના નામ ઉપરથી આ શહેરનું નામ ધંધુકા પડયું કહેવાય છે. બીજી એક વાત એવી પણ છે કે સોલંકી રજપૂત ધંધાક જે ચાવડા છેલ્લા રાજાની પુત્રી સાથે પરણ્યો હતો, તેના નામ ઉપરથી ધંધુકા નામ પડયાનું કહેવાય છે. અહીંના વેપારીઓ સારા પૈસાદાર છે. તાલુકદારોની હોસ્ટેલ, ભવાનીવાવ, સુંદર કુવો વિગેરે જાણીતાં સ્થળો છે. અહીંથી રાણપુર સુધી મોટરો તથા ઘોડાના ટપ્પાઓ ચાલે છે. પ્રખ્યાત જૈનપંડિત હેમાચાર્ય બારમા સૈકામાં આ શહેરમાં જન્મ્યાં હતા.

ધોલેરા—ધંધુકાથી પૂર્વમાં ૧૬ માઈલ આ શહેર આવેલું છે. અહીંથી ખંભાતનો અખાત આઠેક માઇલ દૂર રહે છે. ધંધુકાથી ધોલેરા સુધી સડક છે. આ શહેરમાં સરકારી દવાખાનું, ફોજદારી કચેરી, તાર તથા પોષ્ટઓફીસ અને અંગ્રેજી ગુજરાતી નિશાળો છે. સ્વામીનારાયણનું મંદિર, જૈન દહેરાં તથા ધર્મકુંડ તળાવ ખાસ જોવા લાયક છે, આ શહેરથી ૬ માઇલ ઉપર આવેલા

રામતળાવ પાસે ખાડી છે, તે વ્હીટલ બંદર નામથી ઓળખાય છે. અહીં ગરાસીઆ, જૈન, ખોજા, સુથાર તથા લુહાણાઓ વસ્તીમાં મુખ્ય છે. અહીંની નિકાશ રૂ તથા અનાજ છે, અને આયાતમાં કાપડ, ખાંડ, લાકડાં, નાળીએર, સુકો મેવો વિગેરે છે. અહીંનું પાણી મોળું છે. મીઠું પાણી મેળવવા માટે હજારો રૂપિયા ખર્ચ કરીને એક કુવો ખોદવામાં આવેલો છે; પરંતુ ઘણી મહેનતને અંતે પણ તેમાંથી સારૂં પાણી નીકળી શક્યું નથી. આ ગામના સંબંધમાં એક કહેવત છે કેઃ—

મૂળ ગામ ધોલેરા, બંદરગામ બારા;
કાઠા ઘઉંની રોટલી, ને પાણી પીવા ખારાં;
તોય ધોલેરા સારા !

રાણપુર—ધંધુકાથી પશ્ચિમે ૧૮ માઇલ ઉપર સ્ટેશન છે. ભાદર અને ગોમા બન્ને નદીઓ આ શહેર પાસે એકઠી મળી આગળ ધંધુકા તરફ વહે છે. બન્નેના સંગમ ઉપર અસલના વખતનો એક સુંદર કિલ્લો છે. તેની આગળની દીવાલ હજુ જેવી ને તેવી અખંડ છે. અંદરનો ઘણો ભાગ પડી ગયો છે. છસો વર્ષ ઉપર થએલા રાણાજી ગોહિલે આ શહેર વસાવેલું કહેવાય છે. દિલ્હીના મુસલમાન બાદશાહ મહમ્મદ બેગડાએ અહીંના બીજા રાણાજીને હરાવ્યાથી અને રાણાજીની રજપૂત રાણીઓએ કુવામાં પડીને આપઘાત કર્યાની વાતો હજુ પણ લોકો યાદ કરે છે. અત્યારે એ કુવો કિલ્લાની અંદર આવેલો છે. રાણાજીના મરણ પછી એના ભત્રીજા લખધીરજીએ મુસલમાની ધર્મ કબુલ કર્યાથી બાદશાહે એમને રાણપુર પાછું આપ્યું. રાણપુરના હાલના મોલેસલામ ગરા-

શીઆંઓના મૂળ પુરૂષ લખધીરજી ગણાય છે. પાછળથી મુસલમાની અમલની પડતીના વખતમાં વઢવાણના હિંદુરાજાએ રાણપુર ઉપર હુમલો કરેલો; પણ ગાયકવાડની મદદથી તે શહેર બચેલું. લગભગ સો વર્ષ ઉપર ગાયકવાડ પાસેથી તે અંગ્રેજ સરકારના હાથમાં આવ્યું છે. રેલ્વેનું સાધન હોવાથી અહીં કપાસ પીલવાનાં જીન તથા પ્રેસ છે. વેપાર પણ સારો ચાલે છે. કિલ્લાની અંદર એક ભોંયરામાં રાજબાઈ માતાનું સ્થાનક છે, તેની રાણપુરમાં માનતા ચાલે છે. બીજાં પણ કેટલાક ભોંયરાઓ તેમાં છે. એક મશીદ અને પાણીનો હોજ એમાં હજુ જણાય છે. આખા તાલુકાનું આ જાણીતું જૂનું સ્થાન છે.

બરવાળા—ધંધુકાથી નૈઋત્યમાં ૧૭ માઇલ ઉપર ઉતાવળી નદીને કાંઠે ચાર હજારની વસ્તીવાળું શહેર છે. શહેરને ફરતો મજબુત સુંદર કિલ્લો છે. આ કોટને ત્રણ દરવાજા છે. એની બાંધણી નમુનેદાર છે. ઘેલાશાહ નામે લીંબડીના જૈન કારભારીએ એ ગામ વસાવ્યું કહેવાય છે. અસલના વખતમાં બહારવટીયાઓ ધાડાં પાડી લોકોને રંજાડતા. તેમનાથી રક્ષણ મેળવવા ઘેલાશાહે એ કિલ્લો બંધાવ્યો હતો. ઘેલાશાહની હોંશિયારી અને બહાદુરીના દુહાઓ આજે પણ ભાટચારણો ગાય છે. બરવાળામાં એક કપાસ પીલવાનું કારખાનું છે. મુસાફરી બંગલો, પોષ્ટઓફીસ, ગુજરાતી, અંગ્રેજી નિશાળો, પોલીસથાણું, દરબારગઢ, જૈનદહેરૂં, ઉપાશ્રય, મહાદેવનું દેવળ, ખોજાખાનું વિગેરે મુખ્ય સ્થળો છે. આ ગામ તથા તેની આસપાસનાં ૨૪ ગામોની ઉપજ નામદાર લીંબડી ઠાકોર સાહેબ લે છે. અને તેમના તરફથી બરવાળામાં એક રેવન્યુ ઓફિસર રહે

છે. દરબારગઢમાં આલમશૌપીરની જગ્યા છે. તેમની માનતા સારી ચાલે છે.

ગાફ—ધંધુકાથી બારેક માઇલ અગ્નિખૂણામાં એ ગામ આવેલું છે: આ તરફના તાલુકદારોમાં અહીંના તાલુકદાર સૌથી મોટા છે. આ ગામમાં ગુજરાતી નિશાળ તથા લાયબ્રેરી છે.

ભડીયાદ—ધંધુકા ધોલેરાની સડક ઉપર આ ગામ છે. અહીં મીઠા પાણીની તંગી છે. તળાવ ઉપર ભડીઆદશાપીરનું મુસલમાની પવિત્ર સ્થાન છે. તેમની માનતા ઘણે દૂર સુધી ચાલે છે. વરસમાં એકવાર ત્યાં મેળો ભરાય છે. લગભગ સાતસો વર્ષ પહેલાં આ તરફના કોઇ હિન્દુરાજા ઉપર ચડાઇ કરવા માટે બુખારી સૈયદ મહંમદશાહ આવેલા; પણ તેમનો દેહાંત આ ઠેકાણે થઇ ગએલો. પાછળથી ખંભાતના નવાબે અહીં રોજો બંધાવ્યો છે. ચોમાસામાં તળાવનું પાણી આ મકાનની દિવાલો સાથે અથડાય છે. આ ગામમાં ગુજરાતી નિશાળ તથા કન્યાશાળા અને લાયબ્રેરી છે.

ખસ—બોટાદ ધંધુકા રેલ્વે લાઇન ઉપર ઉતાવળી નદીને કાંઠે આ ગામ આવેલું છે. અહીં ગુજરાતી છોકરા–છોડીઓની નિશાળો, સ્વામીનારાયણનું મંદિર વગેરે છે.

આ સિવાય અડવાળ, વાગડ, રોજકા, પોલારપુર, તગડી, ફેદરા, નાગડકા, બગડ, પીંપળી વગેરે મોટાં ગામો છે.

યાત્રાનાં સ્થળો.

સારંગપુર—બોટાદ-ધંધુકા રેલ્વેનું સ્ટેશન છે. અહીં સ્વામી-નારાયણ સંપ્રદાય તરફથી પધરાવેલા હનુમાનજીની માનતા ગુજરાત, કાઠીઆવાડ તથા છેક ખાનદેશ સુધી ચાલે છે. દર શનિવારે અહીં

અનેક યાત્રાળુઓ આવે છે. મંદિરનાં મકાનો ઘણાં મોટાં અને સુશોભિત છે; બબ્બે ત્રણ ત્રણ માળની હવેલીઓ જોતાં આ કોઇ શહેર હોય એવો ભાસ થાય છે. ગામ બહાર એક નવું મંદિર ચણાય છે, તેની બાંધણી ઘણી અજબ તરેહની શરૂ કરવામાં આવી છે. નદીની મધ્યમાં એક કુંડ જૂના મંદિર તરફથી બાંધવામાં આવેલો છે. એ કુંડને નારાયણ કુંડ કહે છે અને તે ઘણો પવિત્ર મનાય છે.

ભીમનાથ—પાંડવોના વખતથી આ સ્થાન પવિત્ર મનાય છે. અહીં એક જાળના ઝાડ તળે શંકરનું સ્થાન છે. જમીનની અંદર પાંચ છ ફૂટ ઉંડુ એ મહાદેવનું બાણુ છે- ભીમે એક માટીની લોટી ઉંધી વાળીને અર્જુનની મશ્કરી કરી હતી, અને એ લોટી શંકર છે એમ કહી અર્જુન પાસે પૂજા કરાવી હતી. અર્જુનની ભક્તિથી પાછળથી તે સાક્ષાત્ શંકર નીકળ્યા હતા. ભીમે એ પ્રમાણે કર્યું તેથી તે મહાદેવનું નામ ભીમનાથ પડ્યું. અહીં શ્રાવણ માસની પુનમે ઘણા બ્રાહ્મણો જનોઇ પહેરવા આવે છે, તેમનો મહંત તરફથી સારો સત્કાર થાય છે. શ્રાવણ વદી અમાસ ઉપર જબરો મેળો ભરાય છે. અમદાવાદ અને ભાવનગરના વ્યાપારીઓ અહીં આવી પોતાની દુકાનો ખોલે છે. ૩ થી ૪ દિવસ સુધી તે મેળો રહે છે અને હજારો માણસો ભેળાં થાય છે. મહાદેવના નામ ઉપરથી ગામનું નામ પણ ભીમનાથ પડયું છે. તેને ફરતો નાનો કિલ્લો છે. કિલ્લાને એક તરફ ઘસાઇને નીલકા નદી વહે છે. ભીમનાથ રેલ્વે સ્ટેશન છે. મહંતને રહેવા માટે ઉંચી સુંદર હવેલીઓ છે. અગાઉ ભાવનગર અને ગાંફ તરફથી મળેલાં કેટલાંક ઇનામી ગામોની ઉપજ મહંત સાહેબને મળે છે.

તગડી—ધંધુકાથી ૬ મૈલપર આવેલા તગડી ગામમાં બહાર તળાવને કાંઠે વૈષ્ણવ ધર્મની શ્રીમહાપ્રભુજીની બેઠક છે. આ સ્થાન એ ધર્મને માનનારાઓમાં પવિત્ર મનાય છે. કારતક સુદી ૯ ને દિવસ ત્યાં અન્નકુટ ભરાય છે, તે વખતે સેંકડો વૈષ્ણવો ત્યાં દર્શન કરવા આવે છે.

ધોલેરા—સ્વામીનારાયણનું મોટું મંદિર હોવાથી એ ધર્મ માનનારાઓમાં ઘણું પવિત્ર મનાય છે. મંદિરનાં શિખરો ઉપર સોનાના કળશ છે. તેમાંની મૂર્તિઓનો ઠાઠ ઘણો મનોહર છે. ભાદરવા સુદિ ૧૧, કે જે જળઝીલણી એકાદશી કહેવાય છે, તે દિવસ અહીં મેળો ભરાય છે. ઘણાં ભાવિક માણસો દર્શન કરવા આવે છે.

ઢુંડેશ્વર—રાણપુરથી પશ્ચિમે ૧૧ માઇલ ઉપર, ભાદર તથા ઉંડવો એ બેના સંગમ આગળ દેવાલય છે, તે પણ પાંડવોના વખતનું મનાય છે. તેને ફરતો કિલ્લો છે, અને મહંતને રહેવા માટે સુંદર મેડીઓ છે. એ સ્થાન ઘણું મનોહર છે. ત્યાં આગળ નદીમાં પુષ્કળ પાણી રહે છે.

અમલદારો અને તેમનાં કામ.

આ તાલુકામાં ૧૪૦ ગામ છે, તેમાં ૧૩ ખાલસા, ૫ ઇનામી અને ૧૨૨ તાલુકદારી છે. તાલુકાના મુખ્ય અધિકારી મામલતદાર કહેવાય છે, તેઓ ધંધુકામાં રહે છે, અને આખા તાલુકાનો બંદોબસ્ત રાખે છે. તેમના હાથ નીચે અવલ કારકુન, સરકલ ઇન્સિપેક્ટર અને બીજા કારકુનો હોય છે. ગામડાંની વ્યવસ્થા કરનારને મુખી કે પોલીસપટેલ કહે છે. ખાલસા ગામોની મહેસૂલ ઉઘરાવવાનું કામ

તલાટીઓ કરે છે. તેઓ ખેડુતોની વીઘોટીની રકમ ઉઘરાવી તાલુકાની તીજોરીમાં જમા કરાવે છે. તાલુકદારી અને ઇનામી ગામોની જમાબંધી તેમના માલીકો મામલતદારને ભરે છે. તાલુકાના ફોજદારી ગુન્હાઓ મામલતદાર પતાવે છે. આ તાલુકો મોટો હોવાથી અહીં ફર્સ્ટકલાસ માજીસ્ટ્રેટ નિમાય છે. તેમના ઉપરીને ડિસ્ટ્રીકટ ડેપ્યુટી કલેકટર કહે છે.

દીવાની એટલે લેણદેવડના દાવાઓ ચુકવવાનું કામ મુનસફ સબજજ્જ સાહેબ કરે છે. તેમની કોર્ટ ધંધુકામાં છે; પણ તેઓ ધંધુકા તાલુકા ઉપરાંત ગોઘા મહાલના કેસ ચુકવવાનું કામ પણ કરે છે. તેમના ઉપર કામ જોનાર જીલ્લાના સબજજ્જ હોય છે.

આ તાલુકામાં, ધંધુકા રાણપુર અને ધોલેરા એ ત્રણ ઠેકાણે પોલીસ સબ ઇન્સપેકટરો રહે છે. તેમના તાબામાં બરવાળા, પીંપળી, નડાળા અને પાટણામાં પોલીસોનાં થાણાં છે. એ થાણાઓમાં સીપાઇઓ રહે છે, તેઓ દરેક પોતપોતાને સોંપેલાં ગામોમાં ફેરણીનું કામ કરી ચોર, લુંટારા, જુગારી વગેરેનો બંદોબસ્ત રાખે છે. સરકારી તીજોરી સાચવવાનું કામ પણ તે કરે છે.

આ તાલુકાનાં તથા ગોઘા મહાલનાં સરકારી મકાનો બાંધવા, તેમજ તેમને દુરસ્ત રાખવા વિગેરે કામોને માટે બાંધકામખાતાના સુપરવાઇઝર હોય છે. તેઓ ધંધુકામાં રહે છે. તેમના હાથ નીચે ઓવરસીયર હોય છે.

સરકારી હદ સિવાયનું બીજું મીઠું તાલુકામાં ન આવે એટલા માટે, તેમજ બીજા લાઇસન્સવાળા અફીણ વગેરે પદાર્થો વેચનારાઓ ઉપર દેખરેખ રાખવા સારૂ જકાતખાતાના ઇન્સપેકટર ધંધુકામાં રહે છે.

આ તાલુકાના નાનાં ગામોમાં પોસ્ટનું કામ નિશાળના માસ્તરો કરે છે, તેઓ બ્રાંચ પોષ્ટ માસ્તરો કહેવાય છે. તેઓ પોતાના કામનો હમેશનો હિસાબ નજીકના શહેરમાં આવેલી પોષ્ટ ઓફીસના પોષ્ટ માસ્તરને હલકારા જોડે સીલબંધ થેલાઓમાં મોકલે છે. અને તેમના તરફથી આવેલા કાગળો, મનીઓર્ડરો, પારસલો વિગેરે પોષ્ટમેનો પાસે વહેંચાવે છે. ધંધુકા, રાણપુર અને ધોલેરા એ ત્રણ મોટી પોષ્ટ ઓફિસો છે.

દવાખાનાં

ધોલેરા, ધંધુકા અને રાણપુરમાં સરકારી દવાખાના છે. તેના ઉપરી હૉસ્પીટાલ આસિસ્ટંટ ડાકટર કહેવાય છે. તેમના હાથ નીચે કમ્પાઉન્ડરો હોય છે. આ દવાખાનાઓમાં ગરીબ, નિરાધાર, દર્દીઓને મફત દવા મળે છે. આ ડૉક્ટરોના ઉપરી અમદાવાદના સીવીલ સર્જન છે.

ગામડાંઓમાં ફરીને લોકોનાં બાળકોને શીતળા કાઢવાનું કામ કરે છે, તે શીતળા ડૉકટર કહેવાય છે. આ તાલુકામાં ધંધુકા અને રાણપુરમાં એક એક શીતલા ડૉકટર રહે છે.

ખાડીઓ

ધોલેરાની ખાડી—જે ઠેકાણે ભાદર નદી દરિયાને મળે છે, તે ઠેકાણે ખાડી બનેલી છે, તેને ધોલેરાની ખાડી કહે છે. ભરતી સિવાય તેમાં વહાણો આવી શકતાં નથી; કારણ કે નદીમાં પુષ્કળ કાદવ તણાઇ આવવાથી દરિયાનો એ ભાગ પુરાઇ ગયો છે અને હજી વધારે પુરાતો જાય છે.

બાવલીઆરીની ખાડી—ધોલેરાથી દક્ષિણે ૧૬ માઇલ ઉપર આ ખાડી છે, તે ૧૦ માઇલ લાંબી છે અને લગભગ ૭૦૦ ફૂટ પહોળી

છે. ભરતી વખતે લોકો ત્યાંથી વહાણમાં બેસી ભાવનગર જઈ શકે છે. આ ખાડી પણ પુરાઈ ગઈ છે. એને કાંઠે ઝાડ તથા ઘાસ પુષ્કળ થાય છે.

બંદર

આ તાલુકામાં ખંભાતના અખાત ઉપર માત્ર એકજ બંદર છે. અને તેનું નામ ધોલેરા. અસલના વખતમાં આ ધોલેરા બંદર બહુ સારૂં ગણાતું; પણ હમણાં દરિયો પુરાઈ ગએલો હોવાથી બહુ મોટાં વહાણો આવી શકતાં નથી; તેથી વેપાર પડી ભાંગ્યો છે, અને સારા વેપારીઓ પરદેશ ચાલ્યા ગયા છે. નાના મછવાઓ અને વહાણો ભરતી વખતે આવે છે; તેમાં ખંભાત, ભરૂચ, બીલીમોરા, વલસાડ, સુરત, ભાવનગર વગેરે બંદરોથી માલ આવે છે, અને અહીંથી અનાજ વગેરે એ બંદરોએ જાય છે. ધોલેરાની ખાડીના મુખ આગળ એક દીવાદાંડી મૂકેલી છે, તે ૫૦ ફૂટ ઉંચી છે. દરિયામાં આવતાં જતાં વહાણોને તે ૧૫ માઇલ દૂરથી દેખાય છે. દરરોજ રાત્રે તેમાં દીવો થાય છે, અને તે ફર્યા કરે છે.

કેળવણી

આ તાલુકો કેળવણીમાં કાંઇક પાછળ છે. કન્યાકેળવણીમાં તો સાવ પછાત છે. આખા તાલુકામાં માત્ર દશ જ કન્યાશાળાઓ છે. ધંધુકા, ધોલેરા, રાણપુર, અડવાળ, ભડીઆદ, રોજકા, બરવાળા, ખસ, ઉંચડી અને વાગડ.

છોકરાઓની નિશાળોની સંખ્યા ઠીક છે; પણ વસ્તીનો થોડો ભાગ તેનો લાભ લે છે. આ તાલુકાના કેટલાક ગામોમાં નામદાર લીંબડી ઠાકોર સાહેબના કેળવણી ખાતા તરફથી ચાલતી નિશાળો

છે. તેમની દેખરેખ ત્યાંના અધિકારી રાખે છે. જે સરકારી લોકલ બોર્ડ ખાતા તરફથી ચાલતી નિશાળો છે, તેમના કામની વ્યવસ્થા માટે આ તાલુકામાં બરવાળા તથા રોજકા એ બે તાલુકાસ્કૂલો છે. એ સ્કૂલોના હેડમાસ્તરો તાલુકા માસ્તરો કહેવાય છે. તેઓ પટાવાલા મારફત ગામડાની નિશાળોના માસ્તરોને પગાર વગેરે પહોંચાડવાનું તથા ફી ઉઘરાવી તીજોરીમાં ભરાવવાનું કામ કરે છે.

ધંધુકામાં એક હાઈસ્કૂલ છે. એ સિવાય રાણપુર, ધોલેરા તથા બરવાળામાં અંગ્રેજી નિશાળો છે

ધંધુકા, રાણપુર, બરવાળામાં ઉર્દુ સ્કૂલો પણ ચાલે છે.

તાલુકાના કેટલાક ગામોમાં લાયબ્રેરીઓ છે. રાણપુરમાં એક છાપખાનું છે, અને ત્યાંથી દર શનીવારે એક છાપું નીકળે છે.

લોકો અને તેમની જાતો.

આ તાલુકામાં કુલ વસ્તી લગભગ એકલાખ માણસની ગણાય છે, તેમાં મુખ્ય વસ્તી હિન્દુ અને મુસલમાનની છે. પૂર્વ ભાગના કેટલાક ગામોમાં ચુડાસમા ગરાશીઆઓની સારી વસ્તી છે. થોડાં ગામોમાં ઝાલા તથા વાઘેલા ગરાશીઆ રહે છે; પણ તેમના રીતરીવાજ, રહેણી, પહેરવેશ વિગેરે એક સરખાં છે. પશ્ચિમ ભાગનાં ગામોમાં કાઠીની વસ્તી સારી છે, એ ગરાશીઆ તથા કાઠીઓ જમીનવાળા હોવાથી તાલુકદારો કહેવાય છે. તેમનામાં કેટલાકની સ્થિતિ સારી છે, અને કેટલાકની સાધારણ છે. અફીણના ખરાબ વ્યસનથી આ બન્ને શરીર કોમો નબળી પડી ગઇ છે. તેમની મહેમાનગીરીની રીત ખાસ વખાણવા લાયક છે. રાણપુરમાં મોલેસલામ તાલુકદારો રહે છે, તેઓ પણ કાઠી–ગરાસી-

આની પેઠે જમીનની ઉપજ ઉપર નિર્વાહ ચલાવે છે. વસ્તીનો મોટો ભાગ ખેતી કરીને અને બાકીનો ભાગ વેપાર, કારીગરી કે મજુરી કરીને પોતાનું પોષણ કરે છે. લોકો સાદા અને કરકસર-વાળા છે, ખેડુતોની દશા ઘણે ઠેકાણે કંગાલ છે.

ધર્મ અને ભાષા.

આ તાલુકામાં હિન્દુ, જૈન અને મુસલમાન એ ત્રણ ધર્મો મુખ્ય છે. હિન્દુધર્મના જુદા જુદા સંપ્રદાયો પાળનારા લોકો અંદ-રોઅંદર જેમ સંપથી રહે છે, તેમ જૈનધર્મીઓ તથા મુસલમાન ધર્મીઓ સાથે પણ તેઓ સંપથી વર્તે છે. તેમની સહુની ભાષા ગુજરાતી છે. રાણપુરની પશ્ચિમ તરફના લોકો થોડી કાઠીઆવાડને મળતી ભાષા બોલે છે. ધંધુકા, રાણપુરના મુસલમાન ભાઈઓ તેમનાં ઘરોમાં ઉર્દુ ભાષા વાપરે છે.

જનાવરો.

આ તાલુકામાં જાણીતાં બધા જનાવરો નજરે પડે છે. ગાય, ભેંસ બળદ, ઉંટ, ઘોડાં, ઘેટાં, બકરાં, ગધેડા વિગેરે માણસો રાખે છે. પશ્ચિમ તરફના કાઠી લોકો વખાણવા લાયક ઘોડા ઉછેરે છે. જંગલનાં જનાવરોમાં ડુક્કર, વરૂ, શીઆળ અને હરણ જોવામાં આવે છે.

ખેતીની પેદાશ

આ તાલુકાના ભાલ ભાગમાં શિયાળામાં ઘઉં, કપાસ અને ચણા પુષ્કળ થાય છે. અહીં ઘઉં કાઠા નામથી ઓળખાય છે અને તે પરદેશ ઘણા ચડે છે. આ ભાગમાં કુવાઓ નહિ હોવાથી વરસાદ ન વરસે એ વરસમાં કાંઈ પણ પાકતું નથી. પશ્ચિમ ભાગમાં

બાજરો, જુવાર, તલ, મગ તથા શેરડીનો પાક સારો થાય છે. શેરડીને પીલી ગોળ બનાવે છે તે લગભગ આખા તાલુકામાં વપરાય છે. પશ્ચિમ ભાગની જમીનમાં કઠોળ ઉપરાંત શાકભાજી સારી થાય છે. લોકો કુવાનાં પાણી પાઇને ખેતી કરે છે. ભાદર તથા ઉતાવળી નદીમાં વાડા કરી લોકો તડબુચ અને સાકરટેટી પણ પેદા કરે છે.

વનસ્પતિ અને ઝાડો

ભાલ ભાગમાં ઝાડ બહુ થોડાં છે. પીલુડી અને કેરડા ઠેકાણે ઠેકાણે નજરે પડે છે. ઉનાળામાં ગરીબ માણસો પીલુ વેચવાનો ધંધો કરે છે. કેરડાઓ ઉપર કેરાં થાય છે, તેનું લોકો અથાણું બનાવે છે. મોટાં ઝાડોમાં બાવળ, લીમડાં અને પીંપરો વધારે દીઠામાં આવે છે. પશ્ચિમ ભાગમાં બોરડીનાં નાનાં ઝાડો ઘણાં થાય છે.

ખનીજ પેદાશ

નાગડકાની પશ્ચિમે આવેલા નીનામા ગામની નજીકમાંથી ચીરોડીના પથ્થર તથા ચૂર્ણપાષાણ મળી આવે છે. જાળીલાની પથ્થરની ખાણમાંથી સારા જથ્થામાં પથરાઓ ખોદી કાઢવામાં આવે છે. બરવાળા, રાણપુર વગેરે ગામોની કઠણ જમીનમાંથી મરડીયા કાંકરા નીકળે છે, તે ચુનો બનાવવાના કામમાં આવે છે. રોજીદ, વેજળકા વિગેરે ગામોની નજીકમાંથી લાલ માટી પણ નીકળે છે.

હુન્નર ઉદ્યોગ

આ તાલુકાનો મુખ્ય ઉદ્યોગ ખેતી છે. લગભગ સઘળી કોમના માણસો ખેતી કરે છે. ધોલેરા અને રાણપુરમાં લક્કડ કામ સારું થાય છે; વળી રાણપુરની રજાઇઓ અને મશાલો પણ વખણાય છે. ત્યાંના

કંસારા તાંબા-પીત્તળના સારા ઘાટ બનાવે છે. ધંધુકાના કુંભારો હુક્કાની ચલમો બનાવવા માટે જાણીતા છે. આખા તાલુકામાં ઢેઢ લોકો હાથની સાળે‌થી સુતર વણવાનું કામ કરે છે. વાગડ, વેજળકા, ઉચડી વિગેરે ગામોનું વણાટકામ વખાણવા લાયક ગણાય છે. બરવાળાના લુહારો લોઢાનું કામ સુડી, ચપ્પુ, તાળાં, દીવો કરવાના પેચવાળા ખડીયા વિગેરે સારૂં બનાવે છે. રોજીદ અને અણીઆળીમાં ઉનના કામળા-કામળીઓ ઘણી સારી વણાય છે. ચંદરવા અને બરવાળાના મોચી જોડા સારા શીવે છે. બરવાળામાં ચુનાની ભઠ્ઠીઓ બનાવવાનો ઉદ્યોગ પણ ઠીક ચાલે છે. રાણપુર, બરવાળા વિગેરે ગામોમાં ભાવસાર, ખત્રી લોકો લુગડાં રંગવાનું કામ સારૂં કરે છે.

વેપાર અને તેનાં સાધનો.

આ તાલુકામાંથી ઘઉં, રૂ, ઘી વિગેરે પરદેશ ચડે છે, અને ખાંડ, નાળીએર, ચોખા, કાપડ, કરીઆણું, ઇમારતી લાકડાં, લોઢાનો સામાન વિગેરે પરદેશથી અહીં આવે છે. માલની આવ-જા બે રસ્તે થાય છે. (૧) દરિયામાર્ગે (૨) જમીનમાર્ગે. દરિયામાર્ગે આવતો માલ ધોલેરા બંદરે ઉતરે છે, અને જમીનમાર્ગે આવતો માલ રાણપુર, ખસ, ભીમનાથ, તગડી, ધંધુકા વિગેરે રેલ્વે સ્ટેશનોએ ઉતરે છે. તાલુકાનાં ગામોમાં જવા-આવવાના રસ્તા માટે ધંધુકાથી બરવાળા સુધી પાકી સડકો બાંધેલી છે. આ તાલુકામાં બે રેલ્વે રસ્તા છે. એક બોટાદથી વઢવાણ જતો રસ્તો, અને બીજો બોટાદથી ધંધુકા થઇ ધોળકા સુધી જનારો રસ્તો. આ બે રસ્તા હોવા છતાં હજુ વેપારને માટે આ તાલુકામાં જોઇએ તેવાં સાધનો

નથી. રેલ્વે સ્ટેશનો સિવાય ધંધુકા તથા ધોલેરામાં સરકારી તાર ઑફિસો છે. આ તાલુકાનાં મોટાં ગામોમાં પોષ્ટઑફિસો છે, અને તેનાથી વેપારીઓને તથા વસ્તીને સારી રાહત મળે છે.

આબોહવા

આ તાલુકામાં વરસમાં ત્રણેય ઋતુઓ સરખા પ્રમાણમાં રહે છે. શિયાળામાં ઇશાન ખૂણનો ઠંડો પવન જ્યારે વાય છે, ત્યારે ભાલની ખારવાળી જમીન વધારે ઠંડી અડકણ કરની હોવાથી તે ભાગમાં બહુ ટાઢ પડે છે. કોઈ કોઈવાર તો એટલું હિમ પડે છે કે તેથી શિયાળુ પાકને નુકસાન થાય છે. માર્ચથી જુન સુધી ઉનાળો રહે છે. તે વખતે પશ્ચિમ ભાગમાં ઝાડો હોવાથી તાપ કાંઈક ઓછો લાગે છે; પણ પૂર્વ ભાગ ઝાડ પાન વિનાનો અને ખારવાળો હોવાથી સખત તાપ જણાય છે. આ ઋતુમાં નૈઋત્યનો પવન વાય છે તેથી વટોળીઆનાં તોફાનો ઉડે છે. બીજા કોઈ પણ તાલુકા કરતાં આ ભાગમાં એ વખતે વધારે ધુળ ઉડે છે; તેથી દિવસે મુસાફરી થઇ શકતી નથી. જુલાઇથી ઓકટોબર સુધી ચોમાસું રહે છે. સરાસરી ૩૫ થી ૪૦ ઇંચ વરસાદ પડે છે. ઓકટોબરમાં નીચાણવાળા પ્રદેશમાં ભેજને લીધે મચ્છરો પેદા થવાથી તાવનો રોગ ચાલે છે. નાવડા, સાંઢીડા, ઓતારીઆ, સોઢી, હેબતપુર વગેરે ગામો પાસે નીચાણ-વાળી ભાઠાની કેટલીક જમીન હોવાને લીધે ખેતીના કામમાં આ-વતી નથી; ત્યાં ઘાસ ઘણું ઉગે છે; તેથી આસપાસનાં ગામોમાં ભરવાડ લોકો પુષ્કળ ઢોર રાખે છે. ચોમાસાના વરસાદથી ભાલનાં તળાવામાં જે પાણી ભરાય છે, તે મેલું હોય છે. લોકોમાં તેને સ્વચ્છ કરીને પીવાનું જ્ઞાન નહીં હોવાથી તેમના પેટમાં રોગો ઉત્પન્ન થાય છે; આથી પશ્ચિમ ભાગ જેવાં તંદુરસ્ત માણસો આ ભાગમાં

દોઠામાં આવતાં નથી. આ તાલુકામાં ટાઢ-તાપ સમધારણ હોવાથી તેમની ચામડીનો રંગ ઘઉંવર્ણો છે.

મ્યુનિસિપાલિટી

મોટાં શહેરોમાં શહેર સુધરાઇ ખાતું હોય છે, તેને મ્યુનિસિપાલિટી કહે છે. તે શહેરના રસ્તાઓ સાફ રાખે છે. રાત્રે શહેરમાં દીવાબત્તી કરાવે છે. કેળવણીના ખર્ચમાં તથા દવાખાનાના ખર્ચમાં હિસ્સો આપે છે અને બજાર વિગેરે ચોખ્ખાં રખાવી લોકોની સુખાકારી ઉપર ધ્યાન આપે છે. આ કામ બદલ તે શહેરના લોકો પાસેથી ઘરવેરો ઉઘરાવે છે. આ તાલુકામાં ધંધુકા, રાણપુર અને ધોલેરા ત્રણ મ્યુનિસિપાલિટીઓ છે, તેમાં ધોલેરા મ્યુનિસિપાલિટી કમી કરવાનું નક્કી થઇ ગયું છે બરવાળા શહેરનું સુધરાઈ કામ લીંબડી દરબાર તરફથી થાય છે. ધંધુકા વિગેરેમાં આ ખાતાનો વહિવટ લોકોએ ચુટેલા મેમ્બરો ચલાવે છે; પણ તેમના ઉપર સરકારની દેખરેખ રહે છે. પ્રેસિડેન્ટ, વાઇસ પ્રેસિડેન્ટ, ચેરમેન, સેક્રેટરી એવા આ ખાતાના અધિકારીઓ હોય છે.

લોકલબોર્ડ

સરકાર ખેડુતો તથા તાલુકદારો પાસેથી જે મહેસુલ ઉઘરાવે છે, તેમાં દર રૂપિયે એક આના પ્રમાણે લોકલફંડખાતે વસુલ લે છે. આ એકઠી થતી રકમનો વહીવટ જુદાં જુદાં ગામોના લોકોએ ચુંટીને પસંદ કરેલા મેમ્બરોથી ચાલે છે. તેના પ્રેસિડેન્ટ ડેપ્યુટી કલેકટર હોય છે. આ કમિટી મારફત ગામડાના કુવાઓ, તળાવો, રસ્તાઓ, નિશાળો, ધર્મશાળાઓ વિગેરે નાનાં બાંધકામો થાય છે, તેમજ દરવર્ષે એ બધાને રીપેર કરાવે છે.

ધીરજલાલ અમૃતલાલ ભટ્ટકૃત

પુસ્તકો

નવલકથાઓ:—

રાજપૂતોનો રણયજ્ઞ (ઐતિહાસિક)	...	૦—૧૨—૦
પેશાવરની પદ્મિની ,,	...	૧—૮—૦
આનંદ લહરી ,,	...	૨—૮—૦
લાલ ચીન (છપાય છે)	...	૨—૦—૦
અબળાની આત્મકથાઓ (સામાજિક)	...	૨—૮—૦
વનિતાની વાતો (છપાય છે)	...	૨—૮—૦

બાળકો માટે:—

બાળ કવિતાઓ	...	૦—૧—૬
ગુરુભક્તિ પુસ્તક ૧ લું ...	...	૦—૪—૦
ગુરુભક્તિ ,, ૨ જું (છપાય છે)	...	૦—૪—૦
ધંધુકા તાલુકાની ભૂગોળ ...	...	૦—૩—૦